નાટકના રૂપમાં—

# મુંબઇની મરકીનો હેવાલ.

રાગ રાગણીથી ભરપુર.

કેટલાએક ન્યુસપેપરોના આધાર ઉપરથી


લખનાર

ચેતરામ હરીલાલ વર્મા.





અમદાવાદ

"ગુજરાત ગેઝેટ" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭.

કીંમત બે આના.

૬૪૦૪

નાટકના રૂપમાં

# મુંબઇની મરકીનો હેવાલ.

## સર્વે લોકો પ્રભુ પ્રત્યે સ્તુતી કરેછે.

### શ્રી જગતપતી, પ્રભુ આપ્ય સન્મતી—એ રાગ.

હે વીસંભરા, પ્રભુ આપછો નરા;
જેની કૃપાએ ચાલે છે, આ સઘળી ધરા.
અંતરજામી નહીં કંઈ ખામી, નમું હું વારંવાર;
દુઃખી તારણ તમે છો દાતા, અન્ય નહીં તારણહાર. હે વીસંભરા૦
ઇંદ્રપુરી સમ મુંબઈ હતું જે, તેનાં શાં કહું વખાણ;
સને અઢાર છન્નુ સાલે, વાળ્યો ધુચ્ચરઘાણ. હે વીસંભરા૦
નવેમ્બર ડીસેમ્બર માસે, ચાલ્યો ઝેરી રોગ;
પરથમ પેહેલી ગાંઠ નીકળી, લેંડે પછી ભોગ. હે વીસંભરા૦
કંઇક શેઠીઆઓ બેઠા બેઠા, કરતા હતા ત્યાં લેર;
તેઓના મનમાં આવ્યું છે, મુંબઈ જેવું ઝેર. હે વીસંભરા૦
નોકર ચાકર બદ્દા ચદ્દા, ગયા પોતાને ગામ;
પંડીતો દાક્તરો નાઠા, મુકી પોતાના ધામ. હે વીસંભરા૦
કંઇક પંડીતો એમ વદેછે, દેવતાઇ આછે કોપ;
માટે દેવને આહુતી આપો તો, રોગનો થાશે લોપ. હે વીસંભરા૦
અંગ્રેજો મોટા મોટા, ન રહ્યા મુંબઈ માંય;
[illegible] પેર પોગીએ, નહીંતો રહીશું આંય. હે વીસંભરા૦
[illegible] વિચાર કરેછે, આતો કાળો કેર;

અમે અપરાધી પ્રભુ તમારા, વાળોછો શું વેર. હે વીસંભરા૦
આવા ઝેરી રોગ થયા તો, રૈયત અતિ કલ્પાય;
હવે પ્રભુ જો ક્ષમા કરો તો, રોગની શાંતી થાય. હે વીસંભરા૦
જેણે મુએઈ જોઈ હશે, તે તો મનમાં હરખાય;
આવો ઝેરી રોગ જોઈને, રહ્યા તે તો પસ્તાય. હે વીસંભરા૦
સને અઢાર તાણું સાલે, હુલ્લડ થયું અપાર;
જેનો ઇંગ્રેજ અમલદારોએ, કર્યો ઘણો સત્કાર. હે વીસંભરા૦
હે વીસંભર ધારૂં શકુ, વિચારી લ્યોને આપ;
અપરાધીના કૃત ના જોશો, ગુના કરો સૌ માફ. હે વીસંભરા૦

## પ્રવેશ ૧ લો.

### સ્થળ—પુરાણીનું ઘર.

**પુરાણી**—શીકારપુરનો એક જોશી તારની મારફતે છાપાઓને ખબર આપે છે જે હું મરકીને હઠાવવાને તૈયારછું.

**સીશ્ય**—કેમ પુરાણીજી, એ વાત ખરી કહેનો હશે કે?

**પુરાણી**—ખરૂં તો શું, પણ એ રીતે ધુતીખાવાના ઢોંગજનો.

**સીશ્ય**—આવાએ દુનિયામાં પડ્યા છે કે જે ઈશ્વરની કૃપાથી બનેછે તેને પણ નસાડી મુકે.

**પુરાણી**—નસાડે શું એના બાપનું કપાળ.

**સીશ્ય**—નાના પુરાણીજી એમ શું કરવા કહોછો, વખતે એ કંઈક એવી વિધા ભણ્યો હોય ને એના મનને પકકો વિશ્વાસ હોય તોજ આમ તારથી ખબર આપે નહીં તો બીજાની શી તાકાત?

**પુરાણી**—ભાઈ મેંતો શાસ્ત્રમાં કે પુરાણમાં કોઈ દીવસ વાંચ્યું કે સાંભળ્યું નથી, ને તે ક્યાંથી લાવ્યો, મેંતો મારા બાપ દાદાનાં પુસ્તકો ઘણી વખતે ફેરવી નાખ્યાં છે પણ કોઈ ઠેકાણે લખ્યું જડતું નથી.

**સીશ્ય**—પુરાણીજી આજ એક નવીજ વાત કાલના સંબંધ-માં સાંભળી છે.

**પુરાણી**—કહો જોઇએ?

**સીશ્ય**—વળી શીકારપુરવાળો એમ કહેછે કે મુંબઇમાં એક દીવસે જેટલું બકરાંનું માંસ, માંછલાં અને દારૂ વપરાય છે તેટલું મને દેવની પુજા તથા આહુતીને માટે આપે તો હું વગર ખરચે શીકારપુરથી મુંબઈ આવીને મરકીને બાણ મારૂં કે તેજ ઘડીએ તેનો નાશ થઈ જાય. ( એટલામાં જોશી આવેછે. )

**જોશી**—કેમ પુરાણીજી! ગુરૂ સીશ્ય શ્યા વિચાર કરોછો?

**પુરાણી**—ભાઇ હાલમાં જે મરકી ચાલે છે તેની વાતો કરીછીએ.

**સીશ્ય**—લોકો કેવા સપાટા ગપાટા ચલાવે છે.

**જોશી**—સપાટામાં તો શું પુછવું? કંઈ કહેવાની વાતજ નહીં.

**પુરાણી**—તમારા વાંચવામાં આ બાબત કંઇ આવ્યું છે કે?

**જોશી**—ના ભાઇ ના, તમે કંઈ ગાંડા થયા છો, આ બાબત તો કંઇ શાસ્ત્રમાં હોય? એ તો ઇશ્વર આધીન વાત છે. ( એટલામાં પદમશી આવે છે.)

**પુરાણી**—પધારો પદમશી ભાઇ.

**પદમશી**—જોશીજી હું તો તમારે માળે જઇ આવ્યો ને ત્યાંથી ખબર મળી કે પુરાણીને ત્યાં ગયા છે તેથી અહીં આવ્યો.

**જોશી**—કેમ આપે આજ આટલીબધી તસ્દી લીધી.

**પદમશી**—ભાઇ ગરજ વગર કાંઈ બહાર નીકળાય છે? જુતે મારે ત્યાંથી ચાલીને તમારે ત્યાં ગયો ને ત્યાંથી ચાલીને અહીં આવ્યો એટલામાં તો થાકી ગયો.

**જોશી**—કેમ આપ ચાલીને આવ્યા ?

**પદમશી**—શું કરૂં ભાઇ, મારે તો રસોઇઓ, કોચમેન ને ચાકર વિગેરે સર્વે દેશમાં જતા રહ્યા છે, પગાર લેવાને પણ ઉભા રહ્યા નથી.

**જોશી**—ત્યારે તો ચાકર, કોચમેન ને રસોઇઓ વિગેરે બીજા રાખોને.

**પદમશી**—ચાકર, કોચમેન કે રસોઇઓ કયાંથી મળે, જુઓને આ રોગ ચાલેછે તેમાં કંઇક જણા મરી ફીટી ગયા અને કંઇક દેશમાં ચાલ્યા ગયા.

**જોશી**—અમારા જેવાને તો દુખ પડે, પણ આપ જેવા શ્રીમંતને પણ આવું સંકટ આવી પડયું છે.

**પદમશી**—સંકટમાં શું પુછોછો, કંઇ કહેવાની વાતજ નથી.

**જોશી**—એવું શું દુખ છે તેતો કહો.

**પદમશી**—તમારી શેઠાણીને ગઇ રાત્રીએ પુત્રનો પ્રસવ થયો છે તેની જન્મોતરી કરાવવાને તમારી પાસે આવ્યો છું, પણ ઉતાવળ તો તેની પાસે છે કારણ કે ઘેર કોઇ નથી.

**જોશી**—કહો ત્યારે તે કેટલે વાગે ?

**પદમશી**—રાતના આઠ ને પાંચ મીનીટે.

**જોશી**—બસ થયું હવે આપ પધારો.

**પદમશી**—જુઓ જોશીજી ભુલ ન આવે બરાબર ચોકસ કામ કરજો.

**જોશી**—ભુલ આવે તો મારાં કાંડાં કલમ કરી નાંખું.

**પદમશી**—જાઉં છું.

**પુરાણી**—આવજો પદમશીભાઇ.

**પદમશી**—જો જીવતા રહીશું તો આવીશું નહીતો જે

પાળ. (પદમશીભાઇ ઘેર પેહોચેછે એટલામાં તેમની દેવડી આગળ એક બારોટ આવેછે.)

---

## પ્રવેશ ૨ જો.

### સ્થળ—પદમશીભાઈનું ઘર.

**બારોટ—** કવિત.

પદમશી જેસો શેઠ, આજ હુ ન દેખ્યો મેં તો;
જાકી કીરતીકો કહો, મહીમા અપાર હે.
સુપાત્ર સરખી પત્ની, જાકો નામ લક્ષ્મીબાઈ;
જાકી ઉદારતા તો, દેખો બેસુમાર હે.
રામ સરીખે રાજા, કીરતી તો છવાઈ ખુબ;
જાકી પત્ની તો દેખો, સતી સીતા નારહે.
કહતહે કવિરાજ, સુનહો સુજાન પ્યારે;
લક્ષ્મીબાઈ પેટ પુત્ર, આયેકો સમાચાર હે.

**પદમશી**—આવો કવિરાજ,

**બારોટ**—અમે તો કંઇ કવી નથી, પણ કવીના પગની રજ છીએ.

**પદમશી**—વાહ વાહ ! તમેજ કવી કહેવાઓ, આજકાલ આજે લેભાગુ કવી થયા છે તે તો કંઈ નહીં પણ કવિતા કરવાના ગુણ તો પરમેશ્વરે તમારાજ લોકોને બક્ષીસ આપ્યા છે.

**બારોટ**— નહિ સાહેબ, આપ ઉપમા શું કરવા વધારોછો.

**પદમશી**—શું હું ખોટું બોલુંછું કવિરાજ?

**બારોટ**—નહિ સાહેબ આપ ખોટું કહોછો એમ હું ક્યાં કહુંછું પણ સાહેબ મને તો બનાવતાં આવડતું નથી. આવાં બેચાર કવિ- આવડે છે જેથી આપજેવાને રીઝવી ગુજરાન ચલાવુંછું.

**પદમશી**—કોઈ છે કે ઘરમાં?

**ગુમાસ્તો**—કેમ છે સાહેબ.

**પદમશી**—લે આ કુંચીઓ ને ઉઘાડ પેટી ને તેમાંથી પાંચ રૂપીઆ બારોટને આપ.

**બારોટ**— ગીતિ.

લક્ષ્મીબાઈ જેવી, પત્ની નથી કો આ અવસર માંહી;
પુત્રજ તેને પ્રસવ્યો, જાઊંછું હું હવે મારે ત્યાંહી.

**પદમશી**—આવજો બારોટ.

**બારોટ**—પરમેશ્વર પાછા આવા દહાડા શેઠાણીને આપે કે બંદા તૈયાર છે.

**ગુમાસ્તો**—જાવ બારોટ જાવ. વખતે શેઠ ગુસ્સે થઇ જશે. (એટલામાં ચાંપશી આવે છે.)

**ચાંપશી**—કેમ ઘરમાં કોઇ છે કે?

**પદમશી**—આવો ચાંપશીભાઇ.

**ચાંપશી**—કાંઇ નવા જુની.

**પદમશી**—નવાજુનીની મને ખબર નથી હું તો આજ બે-ચાર દીવસથી ગીરફતારીમાં પડયોછું.

**ચાંપશી**—તમારો બટ્ટો બટ્ટો છે કે નાશી ગયો.

**પદમશી**—બટ્ટો, રામલો ઘાટી, કોચમેન તથા ગુમાસ્તા વિ-ગેરે સર્વે જણા દેશમાં ગયાછે. હું, આ ગુમાસ્તો તથા અમારે ઘરવા-ળી એમ આખા માળામાં ત્રણજણાંજ હાલ છીએ, જુઓને અમા-રા માળામાં પાંચસો માણસ રહેતાં હતાં ત્યાં આવી દશા આવી પડીછે.

**ચાંપશી**—તમારે બટ્ટો, કોચમેન કે ચાકર વગર કેમ ચાલશે?

**પદમશી**—શું કરૂં ભાઈ! આ ગઈ કાલે એક છોકરાને

સોઇ માટે રાખ્યોછે, તે રસોઈના કામમાં તો ઠીકછે પણ રહે કે જાય તેની ખબર પડતી નથી.

**ચાંપશી**—આમ આવ્યલ્યા ભટ્ટા.

**ભટ્ટો**—કેમ શેઠજી શું કામછે?

**પદમશી**—જોયો ભટ્ટાને કે ?

**ચાંપશી**—હા જોયો, લાગેછે તો કંઇક તેજ; પછી તો ઇશ્વર જાણે કે તેનામાં ગુણ કેવા હશે,

**પદમશી**—ગાયનની બાબતમાં પણ કંઇક જાણેછે.

**ચાંપશી**—અલ્યા ભટ્ટા, આ શેઠ કહેછે તે વાત ખરી છે કે?

**ભટ્ટો**—નાજી ના.

**ચાંપશી**—ત્યારે શું પદમશીભાઇ જુઠું બોલેછે ?

**ભટ્ટો**—જુઠું તો કેમ કહેવાય.

**ચાંપશી**—ભાઇ આજતો મને કાંઇક ગાયન સંભળાવ, તારા શેઠને તો તું દરરોજ ખુશી કરેછે, પણ પાછા અમે અહીં ક્યારે આવીશું કે તારા મોઢાનું ગાયન સાંભળીશું.

**ભટ્ટો**— **લાવણી.**

સાંભળો શેઠજી વાત, કહુંછું એક ભારી,
તમે મનમાં રાખો યાદ, ના જાશો વીસારી;
જુઓ મુંબઈ તણાતો, બહાર કહ્યા નવ જાએ,
કંઇક સુકી ચાલ્યા દેશ, રહ્યા નહીં યાંહે.
જ્યાં ઝેરી ગાંઠનો રોગ, ચાલેછે ભારી,
રૈયત તો થઈ લાચાર, હીમતો હારી;
ઇંદ્રપુરીના સમું, જે મુંબઇ કે'વાતું,
આ ઝેરી ગાંઠના રોગે, નથી રે'વાતું.

**ચાંપશી**—વાહ વાહ ભટ્ટા સાબાશછે ?

**ભટ્ટો**—એમાંતે વળી સાબાશી શી ?

**પદમશી**—ચાંપશીભાઇ ! હવે તો તમે પણ એકાદ તાન ઉડાવોતો ઠીક.

**ચાંપશી**—

**વીરા વેસ્યાના યારી—એ રાગ.**

મુંબઇ તું મોરી માડી, બની છું ગાંડી, કેમ હવે તું આજ;
હયોને મનમાં વિચારી, ગાંડછે ભારી, અતિ દુખીયારી, કેમ હવેતું આજ
ગાંડ છે ભારી, અતિ દુખીઆરી, મનમાં તું લેજે જાણ;
કંઇક પરદેશી આવી રહેલા, તેમણે ખોયા પ્રાણરે. મુંબઇ
જુઓ ગાંડ છે ઝેરી, તેતો નમેરી, શા કહું તેના હાલ;
પહાડ જેવાને મરડી નાંખ્યા, ઘણા કર્યા બેહાલરે. મુંબઇ
જુઓ ઇશ્વર કેરો, કોપ ઘણેરો, ચાલ્યો મુંબઇ માંહ્ય;
કંઇક જણા ઘણા દુખી થઇને, પોચ્યા સોનાપુર માંહ્યરે. મુંબઇ
પરથમ પહેલી, ગાંડ તો વહેલી, નીકળેછે પગ માંહ્ય;
ત્યાર પછી તો તાવ આવીને, જીવને લેછે સાંયરે. મુંબઇ

**પદમશી**—વાહરે ચાંપશીભાઈ તમે પણ ખુબ કહી.

**ભટ્ટો**—હુંતો જાણતો હતો કે કોઇક મોટા શેઠછે પણ ન આતો ગમતી માણસ છે.

**ચાંપશી**—કયો પદમશીભાઈ હવે રજાછે.

**પદમશી**—બેસોને યાર.

**ભટ્ટો**—બેસો બેસો ચાંપશીભાઈ મારા સગ.

**ચાંપશી**—હવે મારાથી બેસાય તેમ નથી, કારણ કે ઘણે વખતથી અહીંજ બેશી રહ્યો છું.

**પદમશી**—આવજો ભાઇ.

**ચાંપશી**—અમે તો જ્યારે આ તરફ આવીએ છીએ ત્યારે આપનાં દરશન કર્યા વગર જતા નથી પણ આપ ક્યારે પધારશો તેતો કહો. ( એટલામાં જોશી આવેછે. )

**જોશી**—પદમશીશેઠ લ્યો આ જન્મોતરી કરી લાવ્યો.

**પદમશી**—વાંચો જોઇએ મહારાજ.

**જોશી**—(જન્મોતરી વાંચી સંભળાવેછે.)

**પદમશી**—કેમ જોશી મહારાજ ગણીતના ટાળામાં કંઇ ફેર-ફાર નથી રહ્યો.

**જોશી**—નારે સાહેબ ફેર કેમ રહે. ચાર વખત તપાસ કરીને પૂછી લખી કાઢીછે.

**પદમશી**—બહુ સારૂ, લાવો મહારાજ.

**જોશી**— **श्लोक.**

विद्यानामनरस्यरुपमधिकं । प्रच्छन्नगुप्तंधनं ॥
विद्याभोगकरोयशःसुखकरोविद्यागुरुणांगुरु ॥
विद्याबन्धुजनोविदेशगमने । विद्यापरंदैवतं ॥
विद्याराजसुपुज्यतेनहिधनं। विद्याविहिनःपशु : ॥

**પદમશી**—વાહવાહ જોશીમહારાજ! તમે પણ ખરૂં કહ્યું.

**જોશી**—અમારી શું ગુંજાશ છે, આતો પૂર્વકાળે વિદ્વાનો લખી ગયા છે તે અમે કહીએ છીએ.

**પદમશી**—અલ્યા એ ક્યાં ગયો ?

**ગુમાસ્તો**—હાજર સાહેબ.

**પદમશી**—આ જોશીને શીખ આપો કે જેથી વીદાય થાય, ક્યારનો બેઠા બેઠા અકળાય છે.

**ગુમાસ્તો**—રૂપાના થાળમાં પાઘડી, શાલ અને પચીસ રૂપીયા રોકડા લાવીને શેઠની પાસે મુકેછે.

**પદમશી**—લ્યો જોશીજી.

**જોશી**—લાવો શેઠજી સાહેબ. (એમ કહી નીચે પ્રમાણે બોલેછે.)

**ગીતિ.**

સાબાસ શેઠ તમોને, રાજી કર્યો છે મને દ્રવ્ય આપી;
ઈશ્વર રક્ષણ કરશે, પુત્ર તમારાનું સંકટ કાપી.

---

## પ્રવેશ ૩ જો.

### સ્થળ—મુમાદેવી.

(દરસન કરવાને આવેલી સ્ત્રીઓ.)

**ગરબી.**

મુંબઈમાં વરસે છે ત્રાસ, જુઓ જન મુંબઈમાં વરસે;
લોકો ઘણા થયાછે ઉદાસ, જુઓ જન મુંબઈમાં વરસે. ટેક.
ત્રણ મહીનાથી ગાંઠનો, રોગ ચાલેછે અપાર;
માણસ મરેછે અતી ઘણું, જ્યાં રોગનો નહીં સુમાર. જુઓ૦
ઓગણી તેપનની સાલમાં, કારતક માગસર માસ;
રોગ ચાલ્યો મુંબઈ શેહેરમાં, જ્યાં વરતાયછે ઘણો ત્રાસ. જુઓ૦
કાલાએથી ગાડીઓ, આવેછે બેસુમાર;
જ્યાં ભીડછે અતીઘણી, જેનો કેતાં ન આવે પાર. જુઓ૦
ગરીબ શેઠ સાહુકારો, આવે પોતાને ઘેર;
જો જીવતા ઘેર પોચીશું, તો તો કરીશું બેડા લેર. જુઓ૦
ઈંદ્રપુરી સમ જે હતું, તે થવા બેઠુંછે વેરાન;

જ્યાં રોગછે અતિઘણો, ઝેરી ગાંઠ તણો નાદાન. જુઓ૦
ગુજરાતમાં બીજું નથી, મુંબઈ જેવું શેહેર;
જ્યાં વસ્તી અગાધછે, ત્યાંતો એટા કરેછે લે'ર. જુઓ૦
દેશ દેશના માનવી, આવેછે તે ઠાર.
ધન કમાઈ ઘેર જાયછે, જ્યાં ધંધો ચાલે બેસુમાર. જુઓ૦
કંઈક કરમના કઠણ જે, આવ્યા મુંબઈ માંહ્ય;
ઝેરી ગાંઠના રોગથી, તે તો પોહ્ચ્યા સોનાપુરમાંહ્ય. જુઓ૦
હું ઇશ્વર તુજને નમું, લળી લળી લાગું પાય;
જો રહયત ઉપર કૃપા કરો, તો તો ઝેરી રોગ ઝટ જાય. જુઓ૦
હાર્યા દાકતર સર્વ કો, હાર્યા વૈદ અપાર;
હાર્યા શેઠ સાહુકારો, જેનો કેતાં ન આવે પાર. જુઓ૦

---

## પ્રવેશ ૪ થો.

**સ્થળ—મુમાદેવીની પાઠ પુજા કરનાર બ્રાહ્મણો.**

**રામાજોશી**—લલુજોશી કેમ છે, જુઓને મરકીનો શો તડાકો ચાલ્યો છે.

**લલુજોશી**—અગાઉ એક વખતે લંડનમાં પણ આવીજ મરકી ચાલી હતી કે જે વખતે ડાકતરો સુદ્ધાં નાશી ગયા હતા.

**રામાજોશી**—જુઓને લલુજોશી કંઈક ગુણીયાણીએ હાલ જ-રહ્યા છે ફકત મંદીરમાં એકાદ માણસ પુજાપાત્રી માટે મુકી છે પણ તેમના જીવતો તાળાંને ટાંકેલા છે.

**લલુજોશી**—ભલભલાના જીવ તાળને ટાંકેલા છે પછી એનો શો આશરો.

**ગીરધરજોશી**—(ગઉમુખીમાં હાથ રાખેલો છે) અરે શીવ ! આ મુંબઈની શી દશા થવા બેઠી છે.

**છગનજોશી**—બાપ આ તો હદ થવા બેઠી. પહેલાં તો કોઈક કોઈક મેહોલામાં મરકી ચાલે છે એમ સંભળાતું હતું ને હવે તો આ આખી મુંબઈમાં મરકી વગરનો એકે ભાગ ખાલી નથી.

**હીમતજોશી**—મરકી વગર તો ખાલી નથી પણ લોકો વગર ખાલી થવા બેઠું છે તો.

**હરગોવનજોશી**—ગંગા, સિંધુ, સરસ્વતી, જુમનાચ ગોદાવરી, નર્મદા, કાવેરી, સુરીયોમળની, મહાસુરનદી, ક્ષાતાગયા.

**શીવાજોશી**—

महिमनःपारंते परमविदुषोयद्यसदृशी ॥
स्तुतिर्ब्रह्मादीना मपितद्वसन्नास्त्वयिगिर ॥
अथावाच्यसर्वः स्वमतिपरिणामवधिगृण ॥
न्ममाप्येषस्तोत्रे हरनिरपवादपरिकर ॥

**હરગોવનજોશી**—

अतीतःपंथानं तवचमहिमावाङ्मनसयो ॥
रवद्यावृत्यायं चकितमभिधत्तेश्रुतिरपि ॥
सकस्यस्तोतव्य कतिविधगुणःकस्यविषयः ॥
पदेत्ववर्चीने पततिनमनःकस्यनवचः ॥

**રામાજોશી**—શું કરૂં, મને તો પાઠ કે પુજા કંઈ સુજતુ નથી તે એમ થાય તે કે આતે શું?

**લલુજોશી**—જોને પાર લોકો પૃથ્વી ઉપર કેવાં બો

કરે છે તે આપણે સાંભળીએ છીએ. તો આપણને એમ થાય છે જે માણસો ઘણાંજ ભષ્ટ થઇ ગયાં, તો પછી તે વાત કંઇ પરમેશ્વરથી છાની હશે.

**છોટાજોશી**—જેને પલપલની ખબર પડે તેનાથી શું અજાણ્યું હોય.

**રામાજોશી**—આ તો ઉદ વળવા બેઠી છે.

**લલુજોશી**—જુઓને જ્યારે આમ ન થાય ત્યારે લોકોને ખબર શું પડે કે પરમેશ્વર છે કે નથી.

**છોટાજોશી**—બાઇ જ્યારે ખુશીઆનંદમાં બેઠા હોઇએ છીએ ત્યારે તો તેને કોઇ સંભારતાએ નથી પણ સંકટ વખતે હીંદુ, મુસલમાન, પારશી વિગેરે સૌ પોતપોતાના ઇશ્ટદેવને યાદ કરે છે. ને ઘણા કાલાવાલા કરે છે.

**કેટલાક બ્રાહ્મણો**—

જેદેવ જેદેવ જે મમા મૈયા, જે મમા મૈયા
તુજ કીરપાથી સરવે (૨) આનંદમાં રહ્યા. જેદેવ જેદેવ.
અખંડ વિશ્વમાં આપ, છો શાંતી દાતા, (૨)
મહીમા કહ્યો ન જાએ, તમે જગની માતા. જેદેવ જેદેવ.
મુંબઈ મધ્યે રહીને, પામ્યાં જસ ભારી, (૨)
અપરાધીને મનથી, લ્યો છો ઉગારી. જેદેવ જેદેવ.
કંઇક હિંદુઓ નારી, બાધાઓ મોને. (૨)
મન કામના પુરો, રાખો ખુબ ધ્યાને. જે દેવ જે દેવ.

**બધા બ્રાહ્મણો**—

(બોલો શ્રી મમાદેવી માતાજી જે. હરહર મહાદેવ)

---

## પ્રવેશ ૫ મો.

### સ્થળ—મુમાદેવીપર ભાંગ વેચનારની દુકાન.

( ભાંગ, ગાંજો વિગેરે પીનાર શોખીનો. )

**ભંગડ**—વાહવાહ ! આજતો કંઈ ભાંગની લેજત ઓરજ આવી.

**વીરજી**—અરે યાર આજ તો મેં જ્યાં દમ માર્યો કે તરત જમીનદોસ્ત થઈ ગયો.

**ભંગડ**—તમે તો રોજની એક હજાર ચલમો પીઓ તોપણ કંઇ ન થતું ને આજ એકદમમાં આવું થઈ ગયું.

**વીરજી**—મને મારી જીંદગીમાં કોઈ દીવસ આવું થયું નથી. પણ આજ તો કંઇ કેવાનીજ વાત રહી નથી.

**દેવજી**—હું પણ આજકાલ કરતાં ૪૦ વરસથી વીરજીભાઈ ગાંજો પીએ છે એમ જાણુંછું અને તે શીવાય બીજી ઘણી નિશાઓ તેમણે કરીછે એવી જો કોઇ બીજો નીશાં કરે તો તરત મસાણ પોચે પણ તેમને મન તો કાંઇ ગણતરીમાં નથી.

**વીરજી**—મારા જેવો નીશો કરનાર આખી મુંબઇમાં બીજો કોણ છે? લાખોને મારા સામો જે હોય તેને જોઇ લઉં. આજકાલ કરતાં ૬૦ વરસથી મને અભ્યાસ છે.

**ભંગડ**—જેણે ખાયેલ વીછનાગ, ધતુરેસે કયું મરે;
જેણે રમાડેલ કાળીનાગ, બીછુડેસે કયા ડરે.

**વીરજી**—હું અઢાર જાતના નીશાં સાથે કરૂં પણ મને કંઇ ન થાય.

**ભંગડ**—ધન્યછે તમારી જનેતાને.

દેવજી—

ચંદ્ર વખત શો આવીઓ—એ રાગ.

આવોને ભંગડ બજારમાં, પીઓ ગાંજો અતિ સુખસારમાં. ટેક૦
સાંભળો ભંગડની વાત, પીને કરેછે ઉતપાત;
મારે લાતમલાત, ભાંગ પીએ અતિ હુંશીયારમાં, આવોને૦
ગાંજો પીને કરે લેર, ઘર જેવુંછે ઝેર;
મુંબઇ વરતાય છે કેર, મન રેહેતું નથી હુંશીયારમાં, આવોને૦
સાંભળો મારા મનની વાત, તમે ન કરશો ઉતપાત;
દવા કરે સુખ થાત, આપણે બેઠાછીએ એકહારમાં. આવોને૦
નથી વરણાવરણી સાર, આપણે બેઠા એક હાર;
તમે રહો ખબરદાર, વાત રાખજો તમો વિચારમાં આવોને૦

વીરજી—

મને મુકી ગયોછે મારો છેલડોરે-એરાગ.

તમે આવોને કહું એક વાતડીરે,
મનમાં રાખજો તમે તો વિચાર મારા યાર. ટેક.
જુઓ મુંબઇમાં કેર વરતાયછેરે,
લોકો મનમાં ઘણું મુંઝાયછેરે,
હૈયાં રહેતાં નથી કૈંકનાં હાથ મારા યાર,
તમે આવોને કહું એક વાતડીરે.
દવા અને દારૂ કાંઇ ચાલે નહીરે,
નાશી ચાલ્યા દાકતરો કહુંછું સહીરે,
હીમત મુકી થયા લાચાર મારા યાર,
તમે આવોને કહું એક વાતડીરે.
સગાં સંબંધી કોઇ કોઇનાં નહીરે,
વાત કહું તે સાચી માનજો સહીરે.

અને વિચારી લેજો આપ મારા યાર,
તમે આવીને કહું એક વાતડીરે.

દેવજી--

અરે લાલુદેવ ઇસ તરફ જલ્દ એ-રાગ.

કહુંછું સુણો મુંબઈ કેરોજ કેર, હતી પૂર્વે જ્યાં લીલાજ લેહેર;
હવે તો કરેછે તે કાળોજ કેર, જેનામાં ભરાયુંછે ઝાઝુંજ ઝેર.
ચાલેછે જ્યાં રોગનો કંઈ નહીં સુમાર, એકાએકા લોકો ત્યાં થાયછે લાચાર;
જવા ભાઇ મુંબઈ ન કરશો વિચાર, જ્યાં રોગ ચાલે અતિ બેસુમાર;

લાલજી—

રાગ બનજારાનો.

મુંબઈ હતી જે બારી, તે થઇછે અતિ લાચારી. ટેક.
જ્યાં ચાલેછે ઘણો રોગ, જે લેછે લોકોના ભોગજી;
હું કહું તે લેજો વિચારી, તે થઇછે અતિ લાચારી.
ઘણી વસ્તી હતી જ્યાં બારી, ગરકીથી રૈયત હારીજી;
તમે માનો શીખામણ મારી, તે થઇછે અતિ લાચારી.
વાંઇદા નાઠા મુકી હામ, રૈયત નાઠી મુકી દમામજી;
લેજો વાત મનમાં ધારી, તે થઇછે અતિ લાચારી
દાકતરો નાખેછે નીસાસા, જેના ઉંધા પડેછે પાસાજી,
કંઇક ગયા હીમતો હારી, તે થઇછે અતિ લાચારી.

ભંગડ—

ગઈ એક બા એક હવા પલટ, નાતો દીલકું મેરે કરરહે.
કહું ગમસીતમકા મેં દવા બયાં, દીયા ફાંસી લાખોંકે બેગુના;
રહો યાર તુમ હુશીયારસેં, નાતો દીલકું મેરે કરાર હે.
એક શેહેર મુંબઇ થા અમન, વાં સબતરેકા થા ચીમન;
કરો અર્જ પરવરદીગારસેં, નાતો દીલકું મેરે કરાર હે.

## પ્રવેશ ૬ ઠો.

### સ્થળ—મુમાંદેવીનું તળાવ.

( સમશાન જઇને નાવાને આવેલા માણસો. )

છગન—અલ્યા નથુ જોને આ રામજીને પરમેશ્વરે વાડમાંથી કાઢીને માર્યો.

રામજી—ઓ મારા કાકારે.

દામજી—ઓ મારા બાઈરે.

લખમીચંદ—ઓ મારા બાપરે.

છગન—અલ્યા જોને આંજ સવારનો કડચોછું ત્યારનો અત્યાર સુધી સમશાન જવા આવવામાં રોકાયોછું.

નથુ—કેમ કંઈ ખાધું છેકે?

છગન—અરે યાર ખાઉં તો શું? પણ દાતણ સરખુએ કોણે કર્યું છે.

ગીરધર—કેમ છગન કંઈ નરમછું.

છગન—નરમ તો કંઈ નથી, એ તો આજ સમશાનમાં વારે ઘડીએ આવીને પાકી ગયોછું તેથી મોં ફીકું પડી ગયું છે.

ગીરધર—હું તો આખી રાત સમશાનમાં ગયો હતો પણ મને તો કંઇ થાક ન લાગ્યો.

નથુ—ગીરધરભાઇ તમારા શરીરનો બાંધો ઘણોજ સારો છે પણ છગનલાલ તો મુળ એકવડા શરીરના છે ને વળી તેમાં સવારના ભૂખ્યા એટલે પછી કહેવાનું શું કેવતછે કે—મુળ તો વાયરી ને પછી ચોરે લુટયા.

છગન—અલ્યા તમે જાણો છો?

સઘળા સમશાનીઆ—ના ભાઈ ના.

**મગન**—જુઓ મુંબઇમાં આજકાલ કરતાં ત્રણ ચ.ર મહીનાથી મરકી ચાલે છે. તેમાં કેટલાકનાં ઘર મુળમાંથી પાયમાલ થઇ ગયાં છે.

**નથુ**—અરે ભગવાન! તમે શું મુંબઇને પાયમાલ કરવા બેઠા છો હે મમાદેવીમા, હે ભુલેશ્વર બાપ, કંઇ ક્ષમા કરો, અપરાધીના અપરાધ સામું ન જુઓ.

**છગન**—શું પરમેશ્વરને જરાએ દયા નહી આવતી હોય?

**નથુ**—એને તે શેની દયા.

**ગીરધર**—કોગળીયાના રોગમાં પણ સમશાન આવવાની આવીજ મોશમ હોય છે.

**મગન**—મને ૬૦ વરસ મુંબઇમાં થયાં પણ કોઇ દીવસ આવો રોગનો જુલમ નહોતો સાંભળ્યો.

**છગન**—મને પણ આજ કાલ કરતાં ૩૦—૩૨ વરસ થયાં પણ મેં કોઇ દીવસે કાને વાત સરખી પણ નથી સાંભળી. વખતે માતાનો કોપ થાય ત્યારે હવન હોમ કરે એટલે શાંતી પામે.

**ગીરધર**—ભાઇ આતો કોઇક અલોકીક રોગ માલમ પડેછે.

**નથુ**—કંઇ કહેવાની વાતજ નથી.

**ગીરધર**—હા ભાઇ હા.

**છગન**—જુઓ યાર આ સટ્ટાબજાર આગળ સટ્ટાવાળાની કેવી ધામધુમ ચાલતી હતી.

**ગીરધર**—પણ અત્યારે તો કાગડા કાગવાસ જેવું દેખાય છે.

**લલુ**—ઘણા બિચારા ઘરબારવાળા લઇને દેશમાં જતા રહ્યાછે.

**નથુ**—શું કરે ભાઇ, આપણા જેવા નકાળજા તેજ મુંબઇમાં રહ્યા હશે.

**છગન**—કાલે પેલા ભીખારીમલનો છોકરો મરી ગયો તે વ-

ખુતે સ્મશાનમાં ચાર પાંચ ભાયડાજ હતા.

**નથુ**—જુઓને ભાઇ અત્યારે કોઈ કોઇને ઘેર જાય એવો વખત નથી. કારણ કે ખરો તડાકો ચાલેછે કદાપિ મારે તમારે ઘણી શરમ હોય તોજ આવો.

**ઇશ્વર**—જનાર બિચારા શું કરે? તેમનાથી બધે પોચાવું તો જોઇએ.

(મુમાદેવીના તળાવપર હવા ખાવા આવેલા શોખીનો.)

**કનૈયાલાલ**—જુઓ તો ખરા પેલા સ્મશાનીયાની કેવી ધમાચકડી મચી રહી છે ને કેવા તડાકા મારેછે.

**રામલાલ**—ભાયડામાં તો શું જોવું છે. પણ આ તરફ તો જુઓ બાયડીઓ કેવી ગંડી છે. કેટલીક રૂએ છે, કેટલીક નચે છે, કેટલીક વાતો કરે છે.

**મંગળદાસ**—અરે યાર જવાદોને તમારે શું કરવા તેમના સામું જોવું પડે છે, તમે તમારે લેર કરોને.

**કનૈયાલાલ**—કેમ છે રામલાલ, કંઇક તાન બાનતો ઉડાવો.

**રામલાલ**—હાજી (એમ કહી ગાય છે.)

ગાઓ આનંદે સહુ આજ, પ્રભુના મહીમાને;
થાઓ ભાઇ કૃતારથ આજ, નીરખી રચનાને. ટેક.
આવો ઝેરી રોગ જોઇને, ત્રાશ થાય અતિ ભારીરે;
કંઇક જણાઓ નાખી નીસાસા, ગયા મુંબઇથી હારી. પ્રભુ૦
કંઇ હીંમતના પોચા સાહેઓ, વીદાય કરી ઘરનારીરે;
હાલતો મુંબઇ ઝેર સરીખી, ન કરવી તેની યારી. પ્રભુ૦
ડાકતરો પણ સરવે નાઠા, હીમ્મત પોતાની હારીરે;
રૈયતો તો પોકાર કરેછે, કરી ઘણી લચારી. પ્રભુ૦

**મોહનલાલ**—

**કાંતા શું થશે—એ રાગ.**

મુંબઇ આમશું, તું કરે નાદાનીરે. ટેક.
અરર હાય, મન મુંઝાય, નવ રેવાય, તું કરે નાદાનીરે.
જન પોકાર કરે, વાત વીદેશ જવાનીરે,
નવ રેહેવાય, બદ હવાય, ત્રાસ થાય, તું કરે નાદાનીરે.
કંઇક ચાલીયા, સંગ પોતાનો છોડીરે,
ઝેરી ગાંઠ, થઇ છે લાંઠ, ને ઉચ્ચાટ, તું કરે નાદાનીરે.
દાક્તર આવીયા, દેશ વીદેશથી જોવારે,
જોઇને હાય, થાય છે લાય, નવ સેવાય, તું કરે નાદાનીરે.
સગાં સંબંધી સઉ, કોઇ કોઇનાં નહી સાથીરે,
અંતે આપ, કોઇ નહી સાથ, દુખ અમાપ, તું કરે નાદાનીરે.
ધન દોલતને, પુત્ર પરીવારારે,
મુકી તમામ, જાવું મસાન, ખરૂં નીશાન. તું કરે નાદાનીરે.
ચરનીરોડ જ્યાં, ચોપાટી ત્યાં કેવાયરે,
સોનાપુર માંય, જવું છે હાય, નવ રેવાય. તું કરે નાદાનીરે.
ઇંદ્રપુરી સમું, જે મુંબઇ કેહેવાતુ,
જેના હાલ, થયા બેહાલ, જુવો નાતાલ, તું કરે નાદાનીરે.
શોભા શી કહું, કોટ તણી તમે જાણોરે,
ઇગ્રેજ બજાર, નહી સુમાર, વેપાર અપાર, તું કરે નાદાનીરે.
બોરીબંદર તણું, જે ઇસ્ટેશન કેવાતુરે,
જ્યાં અપાર, સોભા બેસુમાર, ગાડી તઇયાર, તું કરે નાદાનીરે.
દરીયાઈ બોટની, શોભા શી વખાણુંરે,
ઇગ્રેજ તમામ, કરેછે કામ, મુકી દામમ, તું કરે નાદાનીરે.

**રામલાલ—**

આજ આવી આપ હજુર માં, કરજોડીને કરૂં વીનતી. ટેક.
જુઓ મુંબઇ મધે વાસો રહી, પસ્તાયા તેતો ઝાઝું સહી;

કહ્યું કોઇનું માન્યું નહી, દુખથી દુભાયા તે અતિ. આજ૦
પરદેશથી જન આવીયા, હુંડી કરી ધન લાવીયા;
ઝેરી રોગે જેને ફસાવીયા, તે તો રહ્યા મુંબઈ મહી. આજ૦
લોકો કહેછે ગટરથી, રોગ ચાલ્યો છે ત્યાં તો અતી;
નજર કોઇની પોચતી નથી, થાક્યા તે ઘણા લાચાર થઇ. આજ૦

મંગળદાસ—

ખ્યુટી ખ્યુટી વેરી હેડ સમ, લીટલ વાઇટ હેર;
કીસ ગીમ માય ડીયર, એન્ડ ગો એન્ડ વેર યુ ફાર.
માઇ હાઉસ એવરીડે કમ, ખાકે સોતરેકા ગમ;
મેને અબ તકતો તેરા ઇશ્ક નીભાયા ખાકે સોતરેકા ગમ.

કનૈયાલાલ—

રાજાજી તો સો ગએ—એ રાગ.

અરજ એક હુનો કરૂં, સાંભળ તુ મોરી માય;
હવે પ્રભુ ઝાઝું થયું, આપ કરો ક્ષમાય.
કંઇક જણા મુકી ચાલ્યા, ગયા પોતાને ઘેર;
મુંબઇમાં તો નથી રેહેવાતું, પ્રભુ કરેછે કેર.
સાંભળો ભાઇઓ હું કહું, લેજો તે મનમાં વિચાર;
આપણે સઘળા એકઠા થઇને, ઘેર જઇએ યાર.

( તળાવપર નાવાને આવેલી બાયડીઓ. )

તમામ બાયડીઓ—

પરજીઓ.

ઓય મુંબઈ હાય હાયરે, ટેક.
હાય હાયરે નં તો ડાટજ વાળ્યો. ઓય૦
હાય હાયરે રોગ નજરે ન ભાળ્યો. ઓય૦
હાય હાયરે તને ન ઘટે આમ. ઓય૦
હાય હાયરે લોકો મુકે દમામ. ઓય૦

હાય હાયરે તારી શું કહું શોભા. ઓય૦
હાય હાયરે ગુજરાતના મોભ. ઓય૦
હાય હાયરે શેરજણીએ વેરજ વાળ્યું. ઓય૦
હાય હાયરે તેતો ઘરબોળ ઘાલ્યું. ઓય૦
હાય હાયરે દાક્તરો હીંમત હાર્યા. ઓય૦
હાય હાયરે પરમેશ્વરે તો ઉગાર્યા. ઓય૦
હાય હાયરે કંઇક પરદેશી આવ્યા. ઓય૦
હાય હાયરે તેતો હુંડીઓ લાવ્યા. ઓય૦
હાય હાયરે ધન ઝાઝું કાગાયા. ઓય૦
હાય હાયરે તેતો સોનાપુર કસાયા. ઓય૦

હાય હાય મુંબઇ આવ્યા, હાય હાય ઘણું કમાયા, હાય હાય મુર્શી આલ્યા, હાય હાય ગાડે ઝાલ્યા, હાય હાય સોનાપુર કસાયા, હાય હાય ઝેરી મરકી, હાય હાય જે થઇ વેરી, હાય હાય જુઓ નમેરી, હાય હાય ગાંઠ તો વેરી, હાય હાય કયારે આવશો, હાય હાય શું શું લાવશો, હાય હાય મન મારૂં તો, હાય હાય હાય મુંઝાય ને, હાય હાય તમારા વિનાતો, હાય હાય રહેવાય નહીં ને.

આંગા રદાવ્યા હોત તો. પાગીયાં પડાવ્યાં હોત તો,
મેડા જડાવ્યા હોત તો, મને આટલી અગનીઓ ન થાતરે.
ઓ મારા લાડકવાયા નાથર. હ. હ. હ. હ.
વેપાર ન કર્યા હોત તો, ઘરેણાં ન ઘડાવ્યાં હોત તો;
દુકાનો બંધ કરી હોત તો, મને આટલી આગનીઓ ન થાતરે
ઓ મારા લાડકવાયા નાથરે હ. હ. હ. હ.
દાક્તરો બોલાવ્યા હોત તો, દવાઓ કરાવી હોત તો;
ચાકરીઓ કરાવી હોત તો, મને આટલી અગનીઓ ન થાતરે
ઓ મારા લાડકવાયા નાથરે. હ. હ. હ. હ.

## પ્રવેશ ૭ મો.

### સ્થળ—સરાફ બજાર.

ગંભીર—( પોતાની દુકાને બેઠોછે.)

ચંદ્રમલ—ક્યુ ગંભીરજી બેઠા હો.

ગંભીરજી—આવ ચંદ્રમલજી શા.

ચંદ્રમલ—કંઇ બેટા એ ગાંઠરો રોગ ચલીયોહે.

ગંભીરજી—આબાર તો ઓ અંદરસંગરજીરે ગાંઠ નીકળીહે.

ચંદ્રમલ—ઓ બાત મેં જાણુંહું.

ઇંદરજી—મને બેટા તાવ દો ચાર રોજ હુવા આવે હે.

ચંદ્રમલ—ઇસ્પીતાલમેં જાવ ઓર દવા બીજો કરો.

ગંભીરજી—કાંઇ બેટી દવાને દારૂ કાર કરે કોની.

ચંદ્રમલ—દાકતર બાકતર ચાલ્યા ગયા હે.

ઇંદરજી—વો કાંઇ કરે અબારતો અઠે મોકળી મરકીરો રોગહે.

ગંભીરજી—મેં તો આજ સોનાપુર ગયો તો, વાંતો મોકળા હિંદુ, મુસલમાન, પારશી, કીરસ્તાન હેંગ બેઠા હે.

ઇંદરજી—આજ કાલતો મુંબઇરો હેંગ રોજગાર બંધ પડીયોહે. અબારતોયે રોજગાર ચલીયોહે.

ગંભીરજી—હા બાઇ હા.

ચંદ્રમલ—યે મુંબાદેવીરા તલાવપર દેખો તો શા.

ગંભીરજી—થેં દેખો, મેંતો રોજ અટે બેઠો બેઠો દેખુંહું.

તાતીયા સાહેબ—ગંભીરજી કસા આહે ! આંથિક સન્નિપાતચા સિતમ લાઇ વાઢલા આહેને ?

ગંભીરજી—બાબા ! ત્યાચા નામા સાંગુ નકો ! કોણાચી બાયકો, કોણાચી ભાઉ, કોણાચા પોર આદિ લઇ મનુષ્ય પટકુન પડલે આહે.

**ચંદ્રમલ**—રોગાચા જુલમાચી મધ્યે હે મ્યુનિસિપાલ જુ-
લમાચા કાય ! અવધિ આહે, ચિકિત્સા ગાડાચી બાતમી પાવતાને
દુઃખી મનુષ્યાચા આર્થર રોડાચી હોસ્પિટાલ મધ્યે ઘેઉન જાતે.

**તાતીયા સાહેબ**—અધિકાર્યાંચ્યા દોષ હમણાચા નહિં.
સરકારને અસા હુકુમ સોધુન કાઢલા આહે હ્મણુને વ્યાધિચ્યા વિ-
સ્તાર કરૂ દેઉ નયે.

**ગંભીરજી**—બસા બસા રાવસાહેબ ઇકડેજ બસા આતા હુ-
તુમાનગલી વા બંદરાવર જાયાચા વખ્ત નાહે.

**ચંદ્રમલ**—રાવસાહેબ ! શેરાચી કાય બાતમિ ?

**તાતીયા સાહેબ**—આજકાલ શેરાચા બજાર ફાર મંદ આહે.

**ચંદ્રમલ**—પીટીટ યાંચે શેરચા ભાવ પંચવીસે રૂપે હોતા
તો હાલ એકોનીસે ઝાલા આહે.

**તાતીયા સાહેબ**—અહા કાય ચમત્કાર ! એકદમ પાંચ સહા-
સેં રૂપે કમતી ઝાલે.

**ગંભીરજી**—હોય હી ગોસ્ટ ખરી આહે.

**તાતીયા સાહેબ**—તુમી કાહી નુકસાની મધે અહા ?

**ચંદ્રમલ**—નુકશાન કાય વિચારતો.

**તાતીયા સાહેબ**—કાય ગંભીરજી પણ નુકશાની મધે આ-
હેત કાએ.

**ગંભીરજી**—તુમચા મનાત મસ્કરી વાટતે પરંતુ માઝા
જીવ જાણુતો.

**તાતીયા સાહેબ**—કા તુમી ગાભરલે સારીખે બોલતા.

**ગંભીરજી**—કા સાંગુ માલા હીતે બીલકુલ કર્મત નહીં. કાહી
બજારચા હકતાચા ખુલાસા ઝાલા મંજે ધરી જાઇલ.

**તાતીયા સાહેબ**—મોરારજી શેઠચા શેરાચા કાય બજાર આહે?

**ગંભીરજી**—આ રતનજી શેઠ આલા સાંને વિશ્વાસ.

**રતનજી**—કુરો આય ?

**ગંભીરજી**—શેરેંજો બજાર તો છેક લાસ થીણી વેંઠો આય.

**ચંદ્રમલજી**—પીટીટ જે શેરજો ભાવ દીન પ્રતીદીન ગણું જ ઘટંદો વીજંતો.

**તાતીયા સાહેબ**—મુંઝે તો હેર પીંઝર શેરમેં રૂપીયા બારોસો ને પીંઝા ત્રુટંતા.

**રતનજી**—અરે બાઇ આંઈ કુરો ધાલ કયોંતા. મુંઝે તો સઠહજાર ત્રુટંતા. કુરો કજે હોય કોઇ વખતઈ પણ થીયે. (એટલામાં ગોરધનદાસ આવે છે.)

**ગોરધનદાસ**—કેમ બેઠા છો કે.

**તાતીયા સાહેબ**—આવો આવો ગોરધનદાસ.

**ગંભીરજી**—ગોરધનદાસ તો હમણાકા મુહલ જણાતા નથી.

**ગોરધનદાસ**—ભાઈ શું જણાઇએ. જુઓને મુંબઈમાં કેવો ત્રાસદાયક મરકીનો તડાકો ચાલેછે, મેંતો મારાં બૈરાં, છોકરાં ગુમાસ્તા વિગેરે સર્વે જણાને ઘેર વદાય કર્યા છે. ફક્ત હું એકલોજ અહીં છું તે પણ કાલ પાટણ જવાનોછું તેથી મારા મનમાં એમ થયું કે લાવને ગંભીરજીની દુકાને મળી આવું.

**ચંદ્રમલ**—વાહ વાહ ! ગોરધનદાસનો સ્વભાવતો ઘણોજ સારોછે આખા બજારમાં તેમના જેવો બીજો કોઇ માણુસ નથી પૈશાની બાબતમાં તો સાધારણછે પણ સ્વભાવે, ઇજત આબરૂએ ઘણોજ સારાછે.

**રતનજી**—દુનિયામાં પૈસાવાળા શું સાથે બાંધી જાયછે ?

**લાલજી**—ભાઈ જેની ઇજતઆબરૂ છે તેને જ્યાં જાય ત્યાં પૈશાજછે. ને જેની ઇજત નથી તેની પાસે ગમેતેટલા પૈશા હોય પણ એ કાંઈ નહિ.

**ગોરધનદાસ**—પૈસાતો પુન્યની રચનાછે આવેછે ને જાય છે એમાં કંઇ નવાઇ જેવું નથી પણ દુનિયામાં વટ વેહેવારે બરાબર રેહેવાય તો સારૂં.

**ગંભીરજી**—એમજછે યાર. જુઓને મારે ગઇ વખતે પીટી-ટના શેરમાં રૂ ૧૦૦૦૦ ને સુમારે વધારો હતો પણ પરમેશ્વરે આ વખતે તો મને મુડમાંથી ભાંગી નાખ્યોછે.

**ચંદ્રમલ**—અહો ગંભીરજી! તમે આ વખતે શું નકશાનમાં છો?

**ગંભીરજી**—હા ભાઇ હા. પીટીટમાં તો શું પણ એક બીજા-એ નુકશાનમાં છું.

**નાતીયા સાહેબ**—મેં સાંભળ્યુંછે જે ગંભીરજીએ પારાનો તથા લગડીઓનો વેપાર ઘણો કરયોછે. (એટલામાં જમાલ આવેછે)

**જમાલ**—કયું ગંભીરજી શેક આજ કુછ બીજાજ અહાલ ન-હીં હે.

**ગંભીરજી**—કયા ભાઇ કુછ કેનેકી બાત નહીં હે.

**જમાલ**—ગભરાના નહીં. હીમ્મત રખો ખુદા જો કરતા હે સો અછાઇ કરતાહે.

**ગંભીરજી**—અબી તો વો સારી બંબઇકો પાયમાલ કરને બેઠાહે.

**જમાલ**—હોવે યાર દુનિયાકી હસી બીસી ચલી જાતી હે, કો-ઇ વખ્ત એસાભી હો તો કયા હીમત હારનેસેં ફાયદા હોતા હે?

**ગંભીરજી**—ભાઇ કરનેવાલા તો ખુદા હે લેકીન ઇનસાન-કા જી કાબુમેં નહીં રહેતા હે.

**ચંદ્રમલ**—મીયાં દેખોને યે ગંભીરજી ભાઇને સબ ખટલેકે ઘર પોચાયા હે ઓર આપ અકીલે યાં રહેહેં સો બીચાર કરતે હેં કે એક દો રોજમેં ઘરકું જાઉં. મગર ઇનુંને જાતેજાતે એક ખરાબ કામ કીયા હે કે, પીટીટ કે શેર બોત રખલીએ હેં. મગર આજકે

લ તો યે ખુદાકે ગજબસેં ઉસ્કા બજાર બેઠ ગયા હે. ઓર દુસરી ખરાબીકી બાત યે કરી હે કે ચાંદીકી પાટાં ઓર લગડીઓકાબી થોડા બેપાર કીયા હે.

જમાલ—જબ તો શેઠ ઉસમેં રોકાએ હેં.

ગંભીરજી—ઉસકી તો મેરેકુ કુછ ફીકર નહીં હે લેકીન યે જો ગાંઠકા જુલમ ઝેરી મરજ ચલા હે કે જીસસેં કંઇક ઘરોકો પાયમાલ કર દીએ હે.

જમાલ—ભાઇ આજ તો મેંને એક નઇ બાત સુની હે.

ચંદ્રમલ—કયા બાત સુની હે ?

જમાલ—એક ગરટકા પત્તા લગતા નહી હે, જીરકો મ્યુનીસીપાલકે આદમી ખોદતે હેં ઓર અમલદાર તપાસ કરતે હેં મગર ઉસ્કા તો પત્તાજ લગતા નહીં હે.

ગંભીરજી—કયા મીયાં દીવાની બાત કરતે હો.

જમાલ—સચ્ચી જુઠી તો ખુદા જાને, મગર મેંને જેસા સુના હે તેસા કહેતા હું.

ચંદ્રમલ—એ બાત તો મેરેભી કાનપર આચુકી હે. લેકીન સચી જુઠી બરાબર ન જાને વાંતક કરની નહીં.

જમાલ—મેંને તો યે બાત બોત જગેપર સુની હે.

ગંભીરજી—કીસાકી ઓરત, કીસીકા બેટા, કીસીકી બેટી ઓર કીસીકી કુછ ચીજ ખુવા જાવે મગર યે સાલી ગટર કાં ખુવા ગઇ હોગી, યે તો કુછ જરા જેસી ચીજ હે કે ખુવા જાવે.

(એટલામાં માણેકચંદ આવે છે)

માણેકચંદ—ગંભીરજી શેઠ કયારે જવાના છો ?

ગંભીરજી—હવે ભાઇ જઇશુંજ તો.

માણેકચંદ—કાંઇ નવા જુનાં જાણો છો ? ના ભાઈ ના, અરે

મેતો સાંભળ્યું છે જે એક બે મીલો બંધ થઇ છે.

**ગંભીરજી**—કઈ કઇ મીલો બંધ પડી છે તે તો કહો ?

**માણેકચંદ**—ના તે વાત તો હમણાં નહીં કહું ઘણુંએ વાજતું ગાજતું માંડવે આવશે.

**ગંભીરજી**—મને ખાનગી રીતે તો કહો.

**માણેકચંદ**—શેઠસાહેબ ખાનગી કહેવા જેવી વાત હોય તો કહું પણ આવી વાત તો મારાથી ન કહેવાય.

**ગંભીરજી**—ઠીક ત્યારે, તમારી નજરમાં આવે તે ખરૂં.

**માણેકચંદ**—મને કહેતાં તો અડચણ નથી, પણ શેઠજી તમે જાણો છો કે વાત તો વા લેઈ જાય.

**ગંભીરજી**—શું હું કોઇને કહી દઉં એવો માણસ છું ?

**માણેકચંદ**—નાજી, તમને ક્યાં એમ કહું છું.

---

## પ્રવેશ ૮ મો.

### સ્થળ—સુથારચાલી.

(અમીરૂદીન પોતાની દુકાને બેઠા છે)

**કમરૂડીન**—કેમ અમીરૂડીન બેથા છો કે ?

**અમીરૂડીન**—આવ મીયાં કમરૂડીન.

**કમરૂડીન**—કેમ દુકાન સમેતવા માંરી છે?

**અમરૂડીન**—ખુડા ટાલાના ફજલો કરમકી બૈરા, છોકરા, બ-ટાને સીપ્રપોર પોચારી ચુકા છું ફક્ત મેંજ એકલો છું. તે બે ડન ડારામાં મેં પન જવાનો છું પછી તો ખુડા કરે તે ખરૂં.

(એટલામાં મરીયમ બુ આવે છે)

**મરીયમબુ**—મીયાં અમીરૂડીન જુમ્મોને મમડઅલી ,સફરે ગયા છે ટે હજુ સુઢી આવા નઠી ને ફીકર ઠાય છે કે વખ, આ

મરકી ચાલે છે તેમાં કાંઇ નવું જુનું હાય ટો સું કરવું.

કમરૂદીન—ટમે ટો ભલા આડમી છો ખુડાટાલા ને યાદ કરો કે ટે સુકર કરે.

અમીરૂડીન—ટમે જરાએ ફીકર કરશો નહી મેં ટમને કાગજ લીખીસ.

મરીયમબુ—અમે ટો બયરાં છીએ માટે અમારો જીવ ધુસ ધ્રાકે છે.

કમરૂડીન—હા ટે વાત ખરી છે પન સું કરીએ.

અમીરૂડીન—મેં કાગજ ઘનોજ સખટ લીખો છે કે ટે વાંચશે કે ટરટ ચાલી આવશે.

કમરૂડીન—ટમારે કાંઇ પૈસા બૈસા જોઇએ ટો કેજો મેં આપીસ.

અમીરૂડીન—મમડલીના ઘરમાં સું ખોત છે.

મરીયમબુ—ખુડાટાલાની મેરબાની છે ટો બહુ છે.

કમરૂડીન—સાબાસ છે મરીઅમબુને.

મરીયમબુ—મીઆં અમીરૂડીન મેં પન ટમારી સાહેજ સીધપોર આવીસ ટમે જાવ ટારે મને કેજો.

કમરૂડીન—અમીરડીન ટમે મરીયમબુને ટેરટા જજો.

અમીરૂડીન—ઘનુ સારૂ મેં ટાં ના કઊ છું.

મરીયમબુ—

રાગ—બીરહ બારમાસી.

પેઊજી સફર ગઆ છે હવે મેટે સુ કર;
દ ૧ મના થઆ છે હવે મેટે સુ કર,
સોસંગ દીલ થયા છે હવે મેટે સુ કર;
ટમે ના જાનો કે મઇ એક વાટ ટકુછુ બાની.

તાંનીજ બહારીઓ છે છબીલી મીથી છે જુવાની,
કોઈ છંદ બરી ભોળી હોય ટેના સામું ના જોજો;
લતકો કરીને જાવે ટેના સાંમુ ના મોજો,
મોનુ ના જાવે પાંની માબાપનુ નામના ખોજો;
હુસીઆર રહીને રેજો ગાફેલ ટમે ના રેજો.
મારી તો આ ડવા છે હવે મેટે સુ કરૂ.
આ ઝાઝમાં બેસીને પેશીજી સફર ચાલા,
મારૂ કહુ ના માંનુ જોબનને ગટવાલા;
આ દરીયામાં દર ગનોછે પોચાવે હકટાલા.
સાહેબ કરમ કરીને લેજો મુરાદ બનઆલા;
મારી ટો આ ડવા છે હવે મેટે સુ કરૂ.
બાયરમાં નથી કોઇ બાતીલ એમ હુ ગણુછુ,
જલ બીનાની મછલી એવી હુ ટરફરછુ;
મારી તો આ ડવા છે હવે મટે સુ કરૂ.
તમો મુને મુંબાઈ મુકી ગઆ સુખ સારૂ;
પણ ઝેરી મરકીમાં ટમ વીના યાં કોન મારૂ,
ઝેરી ગાંઠ જો મોટ લાવીજ મારૂ,
તમ વીના મરૂ તો યાં કોન મારૂ;
માને મારી બાઇરાની ડવા કબુલ કરજો,
ને હવે પાછી ઘેર વેલા વલજો.

(એટલામાં રૂસ્તમજી આવે છે)

**રૂસ્તમજી**—કેમ છે કમરૂદીન શેઠ ?

**કમરૂદીન**—આવ રૂસ્તમજી.

**રૂસ્તમજી**—કેમ દુકાન ખાલી કરો છો ?

**કમરૂદીન**—આ ઝેરી મરકી ચાલે છે માટે ઘેર જઇશુ.

**રૂસ્તમજી**—મરકીનો કંઈ કહેવાની વાતજ નથી.

**કમરૂદીન**—ઘણોજ જુલમ છે.

**અમીરૂદીન**—હકટાલાની ખુબી કંઈ ઓરજ છે.

**કમરૂદીન**—સું મીઆં આડમી કંઇ ચોરી અદરમ કરેછે.

**અમીરૂદીન**—હા મીયાં હા, જ્યારે દુનિયાપર ઘનો જુલમ હોય ને ખુદાથી સહન ન હોય ટારે આવા મરજો મુકીને આડમીઓનો પાયમાલ કરે.

**સુલેમાન**—અમીરૂદીન શેઠ બેઠે હો.

**અમીરૂદીન**—આવ સુલેમાનજી.

**સુલેમાન**—ક્યા ચલતી હે.

**રૂસ્તમજી**—મીયાં દેખોને અણી તો બેઠે બેઠે ખુદાકી બંદગી કરનેકા વખ્ત આયા હે કે વો અપનકુ ઇસ બલાસે બચાવે.

**કમરૂદીન**—તમારી મોમેદનની સભા મીલી હતી ટેમાં સો ઠરાવ થયો હતો.

—

**સુલેમાન**—જે મુસલમાનો મરકીના રોગથી દુખી થતા હોય તેમને ઇસ્પીતાલમાં લેઇ જવા દેવા એવી રીતે મી. ઉમરભાઇએ ભાષણ કરી મુસલમાનોને સમજાવ્યા કે ઇસ્પીતાલમાં લેઇ જવામાં હરકત કરવી નહી. બોલો ભાઇઓ તમારી શી મરજી છે?

**સઘળા મુસલમાનો**—( હાથ ઊંચા કરેછે. )

**સુલેમાન**—આ બાબતમાં નાખુશી કોણ છે?

**સઘળા મુસલમાનો**—( હાથ ઊંચા કરેછે. )

**મી. જમાલ**—વાહ વાહ! સાબાસ છે. મારા મુસલમાન ભાઇઓને, હા એ હા ને નાએ ના.

**કાલેખાં**—ક્યા યાર દેખોને, દવાસેં ક્યા ફાયદા હોનેવાલા હે, બાંકતાલાને ઐસા જુલમ કીયા હે વાં દવા દારૂ ક્યા કરને વાલી હે.

**નુરભાઇ**—તુમ દેખાને યાર એ લોક આજારી આદમીકુ ઇસ્પીતાલમેં લેજાનેકી બાતાં કરતેહેં.

**કાલેખાં**—કંઇક દાક્તર, હકીમ, શેઠ શાહુકારોને તો આપને ખરચેકું ઘર પોંચા દીયે હેં ઓર આપ યાં અકેલેહેં.

**નુરભાઇ**—આજ તો એક વાત સુની હે કે કંઇક ઇંગ્રેજ લોકોંને બી આપને બચ્ચે બાલેકો વીલાયત પોંચા દીએહેં.

**કાલેખાં**—દેખો ભાઇ જાં ખુદાકા જુલ્મ ચલા વાં ઇનસાનકી ક્યા તાકાત હે કે ઉસ્કુ હઠા દેવે.

**નુરભાઇ**—અરે યાર કંઇક મકાન તો ખાલી હો ગયે હેં.

**કાલેખાં**—ક્યું હો ન જાવે, યે કુછ જેસીતેસી બાત હે.

**નુરભાઇ**—મેરે મનમેં તો એસા ખ્યાલ આતા હે કે હરેક બંદા ખુદાકી બંદગી કરે તો કુછ ફાયદા હાંસલ હોવે લેકીન દવા દારૂ તો કરના ન ચાહીએ.

**કાલેખાં**—યે સાલી મરકી તો અબ સારે બંબઇમેં ફેલા ગઇહૈ.

**નુરભાઇ**—ગ્રાંટરોડકે પાસ જો મુસાફરખાના હે વાં સબ મોમેદનોકી સભા હુઇથી વાંકી ક્યા હકીકત હૈ.

**કાલેખાં**—કાજીસાહેબને કહા કે જાંતક યે મરકી ચાલુ રહે વાંતક સબ મુસલમાનકો ખુદાકી બંદગી કરના ચાહીયે, ઓર બુધ, જુમેરાત, જુમા ઇસ તરેસેં એક અઠવાડીઅમેં તીન રોજ રોજે રખના યે બાતકો કાજી ઇસ્માલ ભાઇને ટેકા દીયા ઓર કહા કે બંદગી કરનેસેં બલા દૂર હોયગી.

**જમાલ**—ઓર દુસરી બાત જો હે સો તુમકો યાદ હે?

**કાલેખાં**—નાના યાર મેને તો જો બાત સુનીથી વો આપકે પાસ કહી ઓર આપને જો કુછ સુની હોવે સો કહે દો.

**જમાલ**—હાજીજમાલને કહા કે જો મકાનકે અંદર યે મ-

રજ દાખલ હુવા હોવે વો મકાનકો છોડ દેના ઓર દુસરા મકાન લેકર વહાં રેના.

**કાલેખાં**—હાં હાં એ બાત તો મેં જાનતા હું. ઓર ઈન્હુંને એક દો બાતેં ઓરભી કહી હે, સો તુમને સુની હે.

**જમાલ**—નહી સુની.

**કાલેખાં**—જો મોમેડનકુ રહેનેકે વાસ્તે મકાન ન મીલે ઉનકુ રહેનેકે વાસ્તે એક છાવણી ડાલના કે વાં રહેવે. ઓર એક ઈસ્પીતાલ ખાસ મુસલમાનુંકે વાસ્તે નઈ બનાના કે વાં સબ મુસલમીન દવાકા ફાયદા હાંસલ કરે.

---

## પ્રવેશ ૯ મો.

### સ્થળ—ઝુલેશ્વર માહેવ.

**વદ્ય—** **લાવણી.**

સાંભળો કીર્તિ મા'રી કહુંછું, હું મોઢેથી આજ;
આ નગરીમાં હું છું સૌથી, મો'ટેરો વૈદરાજ.
બુદ્ધિ મા'રી સૌથી સારી, ખાવામાં કહેવાય;
ખાનારો જન જલ્દી જલ્દી, જમપુરીમાં જાય.
તાવની ઉપર દઉં ધતુરો, આપો ઉઠવે ડામ;
કબજીયાને અફીણુ ગોળી, એવાં મા'રાં કામ.
પેટ છુટેથી જમાલ ગોટો, આપું હું બહુ વાર;
કે દુખમાંથી છુટી જાતાં, લાગે નહિ કંઇ વાર.
દાંત દુખે તો પ્લાસ્ટર મારૂં, છાતી ઉપર સાર;
પેચોટી પર જુલાબ દઉં હું, ભારીથી બે વાર.
ગુમડા ઉપર અર્ક આપવો, મરચાંનો બે ભાર;
ગાંડાને હું ભાગ આપું છું, દીવસમાં દસ વાર.

ઓસડ મારૂં સાૈથી સારૂં, પ્રીતે જે જન ખાય;
એક દિવસમાં હુંશીયાર થઇને, સોનાપુરમાં જાય.

( દરસન કરવા આવનાર સ્ત્રીઓ. )

**કમળા**—કેમ સખી તમે દેશમાં નથી ગયાં કે ?

**વિદ્યા**—ના સખી ના, હું તો પાંચ વરસથી અહીંની અહીં છું.

**કમળા**—જોને આ કેવો ઝેરી મરકીનો રોગ ચાલ્યો છે.

**વિદ્યા**—રોગની ધુમ છેજ તો પણ આ સરકારનો કેવો જુલમ છે ?

**કમળા**—હા બેન, જોને કોઇ માંદુ છે એવી ખબર સરકારે સાંભળી કે તરત તેને ઉચકાવીને ઇસ્પીતાલમાં લેઇ જાય છે.

**વિદ્યા**—એમાં સરકાર ખોટું શું કરે છે, એતો રૈયતની સુખાકારી માટે મોટા મોટા પગારદાર દાક્તરો રાખી આવી વખતે સારી કીમતી દવાઓ વાપરે છે પછી શું કરે.

**સ્ત્રીમંડળ**—

ગીરધારીની અરબીનો રાગ.

સુંબાઇરે જોવું તને બલીહારી, આ શી દશા થઇછે તારી;
તારા રોફ ઉપર જાઊં વારી, જ્યાં વસે મમાદેવી માકાળી. ટેક.
**ઝુલ**—દરસન કરવા જાય નરનારીરે, ત્યાં તલાવછે એક ભારીરે;
સરાફ બજારરે, જેવાનું તે ઠામે, જેઈ મન હરખ ઘણું પામે.
ચોકસીનું બજાર જ્યાં છે સારરે, પ્રીય જનોને મન વસનારરે;
જોઇનેરે, હરખ ઉપજે અતી ભારી, આ દશા શી થઇછે તારી.
**ઝુલ**—ભુલેશ્વર મા'દેવ મોટારે, જે છેક નથી તે છોટારે;
ભીખારીરે, જન બેસે તે ઠામે, મન માન્યું ખાવાને પામે;
જ્યાં બેસેછે મહા વીદ્વાનરે, પુજે શીવને મહા બળવાનરે;
જેની શોભારે કળી શકે અતી મારી, આ શી દશા થઇછે તારી;

ઝુલ—જુઓ કોટ તે મુંબઈ કેરોરે, જ્યાં દરીઓ કરેછે લેહેરોરે;
જોઇનેરે, ઇંગ્રેજની દુકાનો, મનમાં હરખ મેં માન્યો;
જ્યાં વસેછે મોટા વેપારીરે, જેની શોભાની બલીહારીરે;
કહુંછુંરે, સાચું લેજો વીચારી, આ શી દશા થઇછે તારી.
ઝુલ—માલક્ષમી માતા છે મોટીરે, જેની કીરતી નથી છેક છોટીરે;
જોવાનેરે, જન વીદેશી આવે, જોઇ રે'વાને મન લલચાવે;
જેની શોભા તણો નહી પારરે, દરસન કરેછે નરનારરે;
માનીલ્યોરે, મનમાં તમે વીચારી, આ શી દશા થઇછે તારી.
ઝુલ—ભાયખલા જે કે'વાયરે, રાણી બાગે ત્યાંથી જવાયરે;
વસેછેરે, પસુ પક્ષી અતીભારી, જ્યાં વાઘ વરૂ વસે નારી;
જેણે રાણી બાગ ન જોયોરે, એણે મનખો તેણે ખોયોરે;
પરતાયોરે, ન જોયું જે નરનારી, આ શી દશા થઇછે તારી.

રાધા— ગરબી

વીશી શંકરની આજ, મનમાં ધારો રે;
કુમકુમ અક્ષત લઈ હાથ, શીવને વધાવોરે.
જુવો મરકી મુંબઇ માંહ્ય, હાલતો ચાલેરે;
જે પોચી કરાંચી માંહ્ય, મનમાં સાલેરે.
શંકરની સ્તુતી હાલ કરશો તમો,
તો તો કલ્યાણ તમારૂં થાયરે, આયુષ્ય શંકર તમારૂં વધારશે.
શંકરની વીશી સારૂ મધે લખી,
કરો સ્તુતી તો કલ્યાણ થાયરે. આયુષ્ય શંકર૦
કર વીશે કંકણ શીવજીને સારાં, શીશ ઉપર નાગ શોભે છે સારા,
દીસે છે અતિ રૂપાળા, જેની કીરતી સંભારો;
શીવજી અરધાંગ ઉમીયા તમારા, લાગે છે જે અતિ મન પ્યારા;
નેહથી રાખો નહી ન્યારા, જેની કીરતી સંભારો.

**દેવા—**

નમું છું હું શંકર આજે, ઘટે નહીં આમ અમ દીનપર;
ક્ષમા તો કરો પ્રભુ અમને, હવે હદ થઇ શું કહું તમને.
હતો જે રોગ મુંબઇમાં, પોચ્યો તે જઇ કરાંચીમાં;
થાક્યા છે જ્યાં દાક્તરો ભારી, ગરીબ બાપડી રૈયત હારી.

**રાધા—**

ડરશો નહીં મન માંહ્ય, બેનીઓ ડરશો નહી મન માંહ્ય;
તમને શંકર કરશે સાહ્ય, બેનીઓ ડરશો નહી મનમાંહ્ય.
ભક્તને પાળે, પ્રીતે સાંભળે,
આવો બેની તમને શંકર બતાવું, હુંતો તમારી સાથેજ આવું;
કર કંકણુ ભુજંગ શીશ માંહ્ય, બેનીઓ ડરશો નહીં મન માંહ્ય.

**સરસતી—**

શંકર પુજન કાજ, ચાલોને બેની શંકર પુજન કાજ;
કુમકુમ અક્ષત કરમાં ધરીને, નક્કી જાવું છે આજ;
ચાલોને બેની શંકર પુજન કાજ.
શંકર સ્તુતી જે કરે, તેની મનકામના થાય,
જેની કીરપાથી હાલમાં, મરકી નાશી જાય. ચાલોને બેની૦

**રાધા—**

રોગ મરકીનો મુંબઇ છવાઇ ગયો. (૨)
છવાઇ ગયો, જગ ચવાઇ રહ્યો. રોગ મરકીનો૦
શંકર કેરી વીશી તણો, જુલમ થયો છે આજ;
ત્રાસ વરતાવે છે ઘણો, બગાડે કંઇકનાં કાજ.
મરકીથી બની ગયા બાવરા આ લોકો,
જેને લાગ્યો સપાટો તે સધામ ગયો, રોગ મરકીનો૦

રેવા—

શંકર કૃપાળુ દિન દયાળુ, રાંક રૈયતપર કરતું ન આતું; શંકર૦
અપરાધીનાં કૃત ના વિચારો, દીનજનોની અરજ મન ધારો. શંકર૦
ઉગરવાનો નથી એક આરો, આમ પ્રભુ શીદ અમનેજ મારો. શંકર૦
મુંબઇ મધે મરકી જે ચાલી, ગઇ કરાંચી રહી નહી ઝાલી. શંકર૦
અરજી અમારી તમે ઉર ધરજો, ઝાઝું થયું હવે ક્ષમા તો કરજો શંકર૦

સ્રી મંડળ—

**મારૂ સોનાનું છે બેડુરે છેલ છબીલા છોગાળા—એ રાગ.**

સુણો વર્ણન મુંબઇ કેરૂરે, જયાં ભુલેશ્વર વાસ વસે;
નથી બંદર બીજું એવુંરે, જે જોયાથી મન ઠસે.
જેની શોભા અતિ છે સારીરે, જયાં ભુલેશ્વર વાસવસે;
કળી ન શકે મતી મારીરે, જે જોયાથી મન ઠસે.
હું કહુ તે લ્યોને વિચારીરે, જયાં ભુલેશ્વર વાસ વસે,
ગયા કંઇક હીમતો હારીરે, જે જોયાથી મન ઠસે.
મમાદેવી મા મોટીરે, જયાં ભુલેશ્વર વાસ વસે.
માલક્ષ્મી માતથી છોડીરે, જે જોયાથી મન ઠસે;
દરીયાની શોભા સારીરે, જયાં ભુલેશ્વર વાસ વસે;
રાણી બાગ છે અતિ ભારીરે, જે જોયાથી મન ઠસે.

**એકબ્રાહ્મણ**—પધારો જોશી મહારાજ ! મરકીને માટે તમે કંઈ કાઢયું છે ?

**રાજારામજોશી**—બંધુઓ જુવો જયારે બ્રહ્માની વીશી બેસે છે ત્યારે મનુષ્યની ઉત્પતિ થાય છે. વિષ્ણુની વિષ્ણુની વીશી બેસે છે ત્યારે માણસનું પાલન થાય છે અને મહાદેવની વીશી બેસે ત્યારે ઘાણ નીકળી જાય છે, ભાઇઓ ! હાલ મહાદેવની વીશી ચાલે છે માટે શંકરની સ્તુતિ કરો કે તે કંઈ શાંતિ કરે.

બ્રાહ્મણો—ત્યારે (આછમની અને પવાલાં વગાડતા નીચે પ્રમાણે સ્તુતિ કરેછે. )

## ઉપજાતિ છંદ.

એઠી વિશી ભોગ લીધા અનેક, ગળી ગયા વૈદ્ય તણુય ટેક;
મરી જતાં માનવને બચાવો, મહેશ માયા મરકી શમાવો.
ઉપાય બીજો નથી કો અમારો, લીધા વિના આશ્રય એક તારો;
પ્રજાપરે કોપ ખરે ન આવો, મહેશ માયા મરકી શમાવો.
મરી ગયાં દીન જનો હજારો, રખોય તેનો ગણતાં ન આરો;
ભુલા પડ્યાને શીદ તે ભમાવો, મહેશ માયા મરકી શમાવો.
કરી કરી ઔસદ્ઘ ઉપચારો, થાકયા હરીને વળી સૌ વિચારો,
પેલાં ન એકાશ્રય યાદ આવ્યો. મહેશ માયા મરકી શમાવો.
રાધેશના રાશ રસે ગવાતા, શ્રિઓ તણા વૈભવ જ્યાં જણાતા,
પ્રદેશી ના ત્યાં પાડે બાપડાવો, મહેશ માયા મરકી શમાવો.
જ્યાં લોકના કોમળતા વિચારી, આદિત્ય ઝાઝો તપતો ન કારી;
તે રમ્ય મુમ્બાપુરીને ન તાવો, મહેશ માયા મરકી શમાવો.
સુવાશી જ્યાં ધૂપથી વાયુ વાતા, પડ્યા હુવે ગંધક ત્યાં બળાતા;
સુખે વસેલુ પુરના ફિટાવો, મહેશ માયા મરકી શમાવો,
જ્યાં દેવને દુર્લભ સૌખ્યમાંહે, મોટા થયેલા જન આમ કહે.
નાના હવે મુંબાઇ ના તજાવો, મહેશ માયા મરકી શમાવો.
ઉધાનને સૌ સુખ સાધનાવા, મુકી મુકી મંદીરને રૂપાળા,
ન ઝાતલીમાં જઇને વસાવો, મહેશ માયા મરકી શમાવો.

મોહકાનંદ—

**राजा राष्ट्र कृतं पापं । राज पापं पुरोहितः ॥**
**भर्त्ता च स्त्री कृत पापं । शिष्य पापं गुरुस्तथा ॥**

તડાકનદ—

ललाटेपट्टे लिखिताविरञ्चिना । वर्णावलीयाकिलतामपाष्टुं ॥
नकोपिशक्तोऽन्यथाछलाशया । नचातकतृट्शमनाभवंती ॥

લાડુભટ—

अन्यायोपार्जितद्रव्यं । दशवर्षाणिवष्ठिति ॥
प्राप्तेएकादशेवर्षे । समुलंवचविनस्यति ॥

રણછોડજોશી—

ચંદ્ર વખત શો આવીઓ—એ રાગ.

મુંબાઈ વખત શો આવીયો, ઝેરી ગાંઠે તો ત્રાસ વરતાવીયો. ટેક.
જુઓ મુંબાઈના હાલ, થયા બેઠી પાયમાલ;
આપ દુરેછે દીન દયાલ, કાળે કરીને ફસાવીઓ. મુંબઇ વખત૦
મહાલક્ષ્મી મોરી માત, હૈયું રે'તું નથી હાથ;
રોગ ચાલેછે અમાપ, મરકીએ ત્રાસ વરતાવીઓ. મુંબઇ વખત૦
જુઓ ઝેરી ચાલ્યો રોગ, લીધા કંઇકના તે ભોગ;
જોગી મુકી નાઠા જોગ, સોના તે પુરમાં ફસાવીઓ. મુંબઇ વખત૦
પ્રભુ જોડું બે હાથ, લાજ રાખો દીનાનાથ;
કીરતી ચાલેછે અમાપ, પ્રભુ આખર વખત શો લાવીયો. મુંબઇ વખત૦

કેટલાક બ્રાહ્મણો—

આરતી.

જે દેવ જે દેવ, જે શંકર સ્વામી, જે શંકર સ્વામી,
સકળ વિશ્વમાં આપે, છો ઉમીયા સ્વામી. જે દેવ જે દેવ.
મુંબઇ મધે આપ, છો પુરણ કામી, છો પુરણ કામી;
આસધું હું તમને, કીરતી બહુ જામી. જે દેવ જે દેવ.
મરકીને ક્યાં રોગ, ચાલે અતિ ભારી, ચાલે અતિ ભારી;

એરી ગાંડગી કાંધી, કરીએ લાચારી. જે દેવ જે દેવ.
અખંડ વિશ્વમાં આપ, જેવા નથી કોઈ, જેવા નથી કોઈ;
શરણે આપને આવે, તેને ફળ હોઇ. જે દેવ જે દેવ.
વંદું છું હું આપ, અવિચળ છો નામી;
કરજોડીને વીનવે, ચેતનનો સ્વામી. જે દેવ જે દેવ.

**સાધુઓ—**

**મનનું સમરન કર હરના, એકદીન હોવેગા મરના—એ રાગ.**

પ્રભુકા ધ્યાન હદે ધરના, જીસસેં આખર હે તરના;
ભજન કર પાર હે ઉતરના, એક દીન તેરે તો મરના.
કાયા તો તેરી કંચન જેસી, કાલ જાય ડાલેગા ફાંસી;
યાદ રખ ભુલ મત જાના, પીછા નહીં તેરે આના.
સંતકા સોટા હે ભારી, લગેગા જખમ તીજે કારી;
બનેગા જાગ તું લાચારી, કાલને ફાંસી જાગ ડારી.
પીંજરા ખાલી હો જાવે, પવનમેં પવન મીલજાવે;
ખાલે ભાઇ તુંતો ખુબ ખાના, એક દીન તેરે મરજાના.
આવેગી જબનો બીમારી, કરેગા તબ તું લાચારી;
પ્રભુકે જાના ન વીસારી, ઇસીને જન્મ દીયા ભારી.

**મોહકાનંદ—**

**દા ઉઠીછે દુખની દીલમાં શું હવે ઠંડી થશે.**

સાંભળો સજ્જન તમે, હું વાત કહું મુંબઇ તણી;
હાલ જે બેહાલ થઇ, હું વાત કહું મુંબઈ તણી. ટેક.
પૂર્વે મુંબઈ જે હતી, તે તો હવે લાચાર થઇ;
જેણે મુંબઇ જોઇ નથી, હું વાત કહું મુંબઇ તણી.
ગુજરાતમાં બીજું નથી, કોઇ શેહેર તો મુંબઇ સમુંદ્ર
વર્ણન જેનાં શું કહું, હું વાત કહું મુંબઇ તણી.

ઓગણી ત્રેપન સાલે, કોપ કર્યોછે દીન દયાલે;
જેથી થઇ ધણી બેહાલે, હું વાત કહું મુંબઇ તણી.
કારતક માગસર પોષ માસે, લોકો તો નીસાસા નાંખે;
જુઓ જેની કીરતીની, હું વાત કહું મુંબઇ તણી;

**આશારામ—**

**ગીતી.**

હીમતો હારીને બેઠા છે, જ્યાં દાકતરો મોટા;
ઉપાય કશો નવ ચાલે, અમે છીએ ભાઇ પ્રભુ થકી છોટા.

## પ્રકરણ ૧૦ મો.

### સ્થળ-ચોપાટી.

(દરીયે હવા ખાવા આવેલા શોખીનો.)

**કીશોરીલાલ— પુરણ થયો છે ખેલ એ રાગ.**

મુંબઇમાં મરકીનો ત્રાસ, ભાઇઓ મુંબઇનાં મરકીનો ત્રાસ. ટેક.
હાલમાં જુઓ જ્યાં મરકી ચાલે છે, ત્યાં તો લોકો છે ઉદાસ. ભાઇઓ.
ઝેરી ગાંઠનો રોગ જોઇને, નાખેછે નીસાસા ચોપાસ. ભાઇઓ.
પ્રભુ તારી અકળ ગતીછે, કોઇ ન જાણે આભાસ. ભાઇઓ.
ઈંદ્રપુરીના જેવું જે મુંબઇ, જમપુરીનો જ્યાં વાસ. ભાઇઓ.
કળા અને કૌશલ્ય જ્યાં ભારી, ચાલે છે બારેમાસ. ભાઇઓ.
ચોપાટીની શોભા છે સારી, દરીઓ છોળો મારે આસપાસ. ભાઇઓ.
જગતકર્તાને પ્રાર્થના કરીને, માગો તમે તો માફ. ભાઇઓ.

**સુમન ભગત—**

**ભજન.**

હો જીવડા જગત પતી લેને જાણી, નરદેહ આપ્યો તુને પ્રાણી;
હો જીવડા જગત પતી લેને જાણી. ટેક.
નરખરથી શાનો ભલોરે, જો ન ભજ્યો કીરતાર;

ચાર તો સેરખાં સરવેને, ભય નિંદ્રા અનને અહાર. હો૦
માનવ મોટા માનીએરે, જે કરે સાચો બોધ;
તત્વ વિચાર રહે સદા, જેની બુદ્ધિમાં નિર્મળ બોધ. હો૦
નિર્મળતાએ નિહાળીએ, સમરથ સરજનહાર;
સ્થાવર જંગમ જે રચે, એવો અખીલ લોકનો આધાર. હો૦
અદભુતના એમાં ધણીરે, કોય ન પામે પાર;
કલ્પીત મનને પરહરી, કરો છોટમ એવો વિચાર. હો૦

**હીમત**—

## રાગ હોરી.

મુંબઇની શોભા સારી, નીરખો તમે નરને નારી. ટેક.
આગબોટો જ્યાં આવેને જાએ, લેજો તમે તો નીહાળી;
જે જનો ત્યાં ગયા તે કહેછે, જેની શોભા અતિ ભારી. મુંબઇ૦
ભુલેશ્વર મહાદેવ વસેછે, ગમાદેવી ને કાળી;
ઝેરી મરકીનો રોગ ચાલે જ્યાં, ગંદકી થાય લાચારી. મુંબઇ૦
દરીયા તણી જ્યાં છોળો મારેછે, પ્રીય જનોને મન વસનારી;
વીનતી કરીને ચેતન કહેછે, માનો શીખામણ મારી. મુંબઇ૦

**દતપ્રસાદ**—

## ગીતી.

સાંભળો બાઇઓ તમને, વિનતી કહુંછું આજ એક સારી;
ઘેર હવે હું જઉંછું, નથી ચાલતી હીમ્મત યાં મારી.

**મગન**—

## રાગ માઢ.

જેનો વિસ્તાર બોળો, દરીયો છોળો મારેછે ચોપાસ; ટેક.
મુંબઇ તુજને શું કહું, મુખથી કહ્યું ન જાય;
પરમેશ્વરના કોપથી, રૈયત ઘણી મુંઝાયરે. જેનો૦

મરકી ચાલીછે જ્યાં, રોગનો નહીં સુમાર;
હીમ્મત હારી સર્વેકો, ઘેર ગયા અપારરે. જેનો૦

( દરીએ નાવા આવેલી સ્ત્રીઓ. )

**ગંગા**—કેમ સખી આજ પુનમ છે. તેથી તમે દરીએ નાવા આવ્યાં છોકે ?

**ચંચળ**—નારે બેન, આ મારે ઘેર મેમાન આવ્યાછે તેમને દરીએ નાવાને તેડી લાવીછું.

**કાશી**—ચંચળ ક્યારે દરીએ નાવા આવીછે. એતો આજ ન ચાલે આવી હશે. એને પુનમનું કે અગીઆરસનું કંઈ પ્રમાણ નથી જ્યારે આવો પ્રસંગ હોય ત્યારે વરસે છ મહીને દરીએ નાવા આવે.

**ગંગા**—હું તો અહીં જ્યારની આવીછું ત્યારની એકે પુનમ દરીએ નાવા આવ્યા વના રહી નથી.

**ચંચળ**—તારા વાદ અમારાથી કેમ થાય ?

**અમરત**—આજકાલ તો મુંબઇમાં મરકીનો ખરેખર તડાકો ચાલેછે.

**અમથી**—મરકી ચાલેછેજતો પણ તા. ૯ જાનેવારી ૧૮૯૭ ને દીવસે પાછલી રાતના ત્રણ વાગે બી. બી. એન્ડ. સી. આઈ રેલવેની મુંબઇથી જતી પેસેંજર ટ્રેન અને મુંબઇ આવતી મેલ ટ્રેન ગોલવડ આગળ અથડાઇ. ( ગુજરાતી. )

**ગંગા**—આજ કાલ આ મરકીથી લોકો નાસભાગ કરેછે તેમાં વળી ગાડીએ ભડાકો માર્યો.

**કાશી**—ચંચળ આજતો તું કંઈક ગાયન ગાય તે સારૂં, મને સાંભળવાનું મન થયુંછે.

**ચંચળ**—

**રામ વિના કેમ રહીએ અજોધ્યા ધામમાં—એ રાગ.**

**મહા મોટી મરકીએ મુંબઇ શેહેરમાં;**

આરંભ્યો છે અણુ ઘટતો ઉત્પાતજો.
રત્નાકરની લાડિલી લલના તણો;
સુતેલાનો સોડ વિશે શો વાત જો. મહામોટી૦
સંધ્યા સમયે શ્યામાઓ શુભ સ્વાંગથી;
જોતીતી જયાં ઉદધિનો ઉદમાતજો;
અલકાની અવની સમ આરો દીસતો,
એ અવનિમાં આજે ઉલ્કાપાતજો. મહામોટી૦
ગાડિને લાડિના ઘેરે ગાજતી,
દશે દિશામાં ઝાંઝરના ઝણકારજો;
તે મુંબઇમાં મરદોને મશાણિયા,
પડે વિરહિણીઓ પ્રાણ તણા પોકારજો. મહામોટી૦
બાગ બગીચા વાડિને વળિ બંગલા,
શ્રીમન્તોની વિશ્રાન્તિનાં સ્થાનજો;
વાણુ વિહારે વગડા સમ વણસી જતાં,
ભડ, ભડ, લાગે સોનાપુર શ્મશાનજો. મહામોટી.
રાત દિવસ જે ચૌટાં ચોક બજારમાં,
વિદેશી સહુ વિધવિધના વ્યાપારજો,
તે જગ્યામાં જન એકે જડતું નથી;
ધોળે દહાડે ઘરની ખાવા ધાયજો. મહામોટી૦
માળાના ગાળામાં વસતી માનિની.
આદિત્યનો પણ અડતો નહિ ઉજાસજો;
કુટુંબ કબિલા સાથે કાનનમાં વસી;
બચ્ચાંઓને બાળવિયા આવાસજો, મહામોટી૦

ગંગા—કાશી તું ગાને, ચંચળ તે એક ગરબી ગાઇ.

કાશી—

**આવો હરી રાસ રમો વાલા—એ રાગ.**

મુંબઇ કોઈ નહીં જાશો, નહીંતો ત્યાં જઇ પસ્તાશો. ટેક,
શોભા જેની ઇંદ્રપુરી જેવી, દીસે હાલ જમ પુરી તેવી;
આવી દશા કોને જઇ કહેવી, મુંબઇ કોઇ નહી જાશો.
પરથમ ચકી ઘણો આવે, તેતો ત્યાં ત્રાસ વરતાવે;
વઠહોની હીમત હરાવે, મુંબઇ કોઇ નહીં જાશો.
રઇયત ત્યાંથી ઘણી નાસે. થઇને ગનમાં ઉદાસે,
હવે ભાઇ કોને શું થાશે, મુંબઇ કોઇ નહીં જાશો.
વિચારો તમે નરને નારી, ગયા જન કંઇક હીમત હારી;
ચાલે છે જ્યાં ઘણી બીમારી, મુંબઇ કોઇ નહી જાશો,

ચંચળ— ગરબી.

માનુંછુંરે પ્રીત પ્રભુપતી તમને, હદે વશોગા મારે. ટેક.
રંગ રંગીલા છેલ છબીલા, છોગે ઘણા પ્રખ્યાત;
મળ્યા આપે, દુખ કાપે, જપું જાપે, નથી માપે,
તનમનધન મેં તમને અરપીયું, મન મારૂં રાજી. માનુંછુરે૦
પ્રભુ ઇચ્છાએ તમે તો મળીયા, મનમાં હતો જે વિચાર;
જાણું સાચું, નહીં કાચું, દહી જાચું, મન રાચું.
હાજર થશે તન મન ધન દેવા, મળીયા તમે આજે. માનુંછુરે૦
કૃશ્ન તણી શી લીલા વખાણું, મનમાં રાખો તમે યાદ;
નથી છાનું. મન માન્યું, પડ્યુ પાનું, પ્રભુ નાનું,
ઇચ્છુંછું હું તમને અરપવા, તન મારૂં આજે. માનુંછુંરે૦
મુંબઇ તણી જે મરકી ચાલે, પ્રભુ કરે સંહાર;
હવાં પક્કી, નથી નક્કી, રૈયત થકી, કર્મે લખી,

ક્ષમા કરો પ્રભુ રોગ મરકીનો, ચેતન કહે આજે. માનુંછુંરે૦

**તમામ લોકો—**

**મરશીયો.**

એજી ઓય હાયરે મુંબાઇને આવ્યો રંડાપો !
એજી મુંબાઇને આવ્યો રંડાપો, નથ્માં કયા જનમનાં પાપો;
તને કોણે દીધા બાઇ શ્રાપો ! જી ઓય—૧
હાય મરકી તુને કયાંથી નડી !, જેથી આવી ત્હારી આ ઘડી,
તુને જોઇને મરેછે રડી ! જી ઓય—૨
હાટ હાટ બજાર સુનાં પડીયાં !. લોકો અનાથ થઇ રડવડીયાં !
કંઇક મુડદાં મારગમાં પડીયાં ! જી ઓય—૩
ઘેર ઘેર પડ્યાં છે તાળાં ! નાઠા છોડી ઘરો ઘરવાળા !
તને જોતાં ઉઠે છે જવાળા ! જી ઓય—૪
બંધ થયાછે વેપારને ધંધા ! ભાગા તુને છોડીને સંધા !,
કંઇક ફાવે છે શેહેરમાં ખંધા ! જી ઓય—૫
સત્તાવાળા દોડાદોડ કરે, ઘેર ઘેર તેઓ રડવડે;
મરકીવાળા મકાનમાં ચડે. જી ઓય—૬
ધોઇ ધોઇને તેઓ સાફ કરે. વસ્ત્ર બીજાનાં બાળી પરહરે;
મરકી થકી સહુ જન ડરે. જી ઓય—૭
ડાકતર લોકો કરે ઉપાય, દર્દી તણો વ્હારે તે ધાય;
બહુ બહુ ઓસડીયાં પાય. જી ઓય—૮
ધુપ કરીને હવા સુધારે, તોએ મરકી ઘણાંને મારે;
પ્રભુ જોશે સામુ તું કયારે ! જી ઓય—૯
પડી ગયું ઉજડ એ પુર ! એનું બહુ ઘટી ગયું નૂર !
દેશી મિત્રને લાગે દુઃખ ઉર. જી ઓય—૧૦

દેશી મિત્ર.

---

આ ચોપડી જેને લેવાની મરજી હોય તેણે પોસ્ટની અઢીઆનાની ટીકીટો નીચેને શીરનામે મોકલવી જેથી ચોપડી એક મોકલવામાં આવશે.

ચેતરામ હરીલાલ વર્મા.

ગુજરાત ગેઝેટ—અમદાવાદ.

આ ચોપડી ઘણાખરા ગામોમાં ચોપડીઓ વેચનારની દુકાનેથી મળશે.